Wednesday
22.04.2026
*Volume :10 * Issue No.285
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ફિક્કીના ૧૦૦ વર્ષની ઉજવણીનો અમદાવાદમાં પ્રારંભ



## ફિક્કી નેશનલ એક્ઝીક્યુટીવ કમિટી મિટીંગમાં મુખ્યમંત્રીશ્રીનું પ્રેરક સંબોધન




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ડિજિટલ ભારત-મેઈક ઈન ઈન્ડિયા-સ્ટાર્ટઅપ ઈન્ડિયા-સ્કિલ ઈન્ડિયા જેવા ઈનીશ્યેટીવ્ઝથી ભારત આત્મનિર્ભરતાથી વિકાસ રાહે દોડતું થયું: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ






કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI)ની સ્થાપનાનાં ૧૦૦ વર્ષની ઉજવણીનો પ્રારંભ કરાવતાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આઝાદીની શતાબ્દી ઉજવવા તરફ આગળ વધી રહ્યો છે, ત્યારે FICCI ના ૧૦૦ વર્ષની ઉજવણી અને દેશનો આ અમૃતકાળ એ ફિક્કી માટે ડબલ બોનાન્ઝા છે. મુખ્યમંત્રીશ્રીએ ફિક્કીની નેશનલ એક્ઝીક્યુટીવ કમિટીની મિટીંગમાં પ્રેરક સંબોધન કર્યુ હતું. તેમણે દેશના સૌથી જુના, પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી ઉદ્યોગ મંચ તરીકે ફિક્કીની ૧૦૦ વર્ષની સફળ યાત્રાને નોંધપાત્ર સિમાચિહ્ન ગણાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લિડરશીપમાં ડિજીટલ ભારત-મેઈક ઈન ઈન્ડિયા-સ્ટાર્ટઅપ ઈન્ડિયા-સ્કિલ ઈન્ડિયા જેવા ઈનીશ્યેટીવ્ઝથી ભારત આત્મનિર્ભરતાથી વિકાસ રાહે દોડતું થયું છે તેમાં પણ ફિક્કીનો ઉલ્લેખનીય સહયોગ મળ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની ડેવલપમેન્ટ જર્નીની પ્રભાવક પ્રસ્તુતિ કરતા કહ્યુ કે, દ્રષ્ટીવંત નેતૃત્વ અને ડેવલપમેન્ટ માટેના કમિટમેન્ટથી કેટલી સ્પીડ અને સ્કેલ સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ થઈ શકે તે ગુજરાતે દેશ અને દુનિયાને બતાવ્યું છે. શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ગુજરાત દેશના જીડીપીમાં ૮.૩ ટકા, નેશનલ ઈન્ડસ્ટ્રિયલ આઉટપુટમાં ૧૮ ટકા અને દેશની કુલ નિકાસમાં ૨૭ ટકાના યોગદાન સાથે અગ્રેસર છે. વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવા 'વિકસિત ગુજરાત @2047' નો રોડમેપ તૈયાર કરનાર દેશનું પ્રથમ રાજ્ય છે. આ રોડમેપ અંતર્ગત ૨૦૪૭ સુધીમાં રાજ્યના અર્થતંત્રને ૩.૫ ટ્રિલિયન યુએસ ડોલર સુધી લઈ જવાનો લક્ષ્યાંક રાખ્યો છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ માટે રાજ્ય સરકારે સેમિકન્ડક્ટર, એ.આઈ. અને ગ્રીન ગ્રોથ જેવા ઈમર્જિંગ સેક્ટર્સ પર ફોકસ કર્યું છે. તાજેતરમાં જ સાણંદમાં વડાપ્રધાનશ્રીના હસ્તે શરૂ કરાયેલા બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ દ્વારા ગુજરાત હવે ગ્લોબલ સેમિકન્ડક્ટર સપ્લાય ચેનનો મહત્ત્વનો હિસ્સો બનશે. એટલુ જ નહિ, ગિફ્ટ સિટીમાં કાર્યરત AI સેન્ટર ઑફ એક્સેલન્સ, ડેટા સેન્ટર અને ફિનટેક રાજ્યને વિવિધ ઈમર્જિંગ સેક્ટર્સમાં વધુ મજબૂત બનાવશે. ગુજરાત સેમિકન્ડક્ટર પોલિસી, આઈ.ટી. અને આઈ.ટી.ઈ.એસ. પોલિસી, જી.સી.સી. પોલિસી જેવી પ્રોત્સાહક પોલિસીઝથી પોલિસી ડ્રિવન સ્ટેટ અને વિશ્વના ઉદ્યોગો માટે 'મોસ્ટ ફેવરિટ ડેસ્ટિનેશન' બન્યું છે. આજે વિશ્વની ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓમાંથી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં કાર્યરત છે તેમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ વુમન ડેવલપમેન્ટ નહીં, પરંતુ 'વુમન-લેડ ડેવલપમેન્ટ'નો કોન્સેપ્ટ આપ્યો છે. તેને અનુરૂપ ગુજરાતમાં પણ મહિલા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા તાજેતરમાં જ 'હર સ્ટાર્ટઅપ' (Her Start-up) પ્લેટફોર્મ શરૂ કર્યુ છે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને વેપાર-ઉદ્યોગના વર્લ્ડ મેપ પર પ્રતિષ્ઠા અપાવનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતામાં પ્રારંભથી જ FICCI ના નેશનલ પાર્ટનર તરીકે સહયોગી રહી છે તેની પણ સરાહના કરી હતી. વડાપ્રધાનશ્રી 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ'ના મંત્રને સાકાર કરીને વિકસિત ભારત @2047 ના નિર્માણ માટે FICCI ના સક્રિય સહયોગની અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. FICCIના અધ્યક્ષ અનંત ગોએન્કાએ શતાબ્દીના લોન્ચપેડ તરીકે અમદાવાદની વ્યૂહાત્મક પસંદગી વિશે વાત કરતાં રાજ્યના ઉદ્યોગલક્ષી નીતિઓની પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે રાજ્ય સરકારની પ્રો-એક્ટિવ પોલિસીઝ અને ખાનગી સાહસો વચ્ચેનો સમન્વય દેશના અન્ય રાજ્યો માટે પણ બ્લૂપ્રિન્ટ (નકશા) તરીકે કામ કરે છે. તેમણે કહ્યું કે ગુજરાતે સાબિત કર્યું છે કે કેવી રીતે રાજ્ય સરકારની નીતિઓ આર્થિક લેન્ડસ્કેપને બદલી શકે છે. જેમ સમગ્ર દેશ વિકસિત ભારત @2047 ના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યો છે, તેમ FICCI પણ ગુજરાતના મેન્યુફેક્ચરિંગ, સેવાઓ અને ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં રોકાણ વધારવા માટે રાજ્ય સરકાર સાથે મળીને કામ કરવા ઉત્સુક છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ અવસરે FICCI ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન ગોકુલ જયકૃષ્ણએ સ્ટાર્ટઅપ્સ અને ગ્રીન એનર્જી માટેના હબ તરીકે રાજ્યની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે મુખ્યસચિવ શ્રી એમ.કે. દાસ, FICCI ના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ વિજય શંકર, વાઈસ પ્રેસિડેન્ટ પુનીત દાલમિયા, સેક્રેટરી જનરલ અનંત સ્વરૂપ તથા ડાયરેક્ટર જનરલ જ્યોતિ વિજ સહિત સંસ્થાના હોદ્દેદારો, અગ્રણીઓ તેમજ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રીશ્રી

- **વિકસિત ભારત @ 2047માં વિકસિત ગુજરાત ૨૦૪૭થી ગુજરાત અગ્રેસર રહેશે.**
- **સેમિકન્ડક્ટર-ગ્રીન ગ્રોથ સહિતના ઈમર્જીંગ સેક્ટર્સમાં ગુજરાતને હબ બનાવવાની નેમ છે.**
- **વિકસિત ગુજરાત @ 2047 રોડમેપથી ૨૦૪૭ સુધીમાં રાજ્યના અર્થતંત્રને ૩.૫ ટ્રીલિયન યુ. એસ. ડોલર ઈકોનોમી સુધી લઈ જવાનું લક્ષ્ય રાખ્યું છે.**
- **વડાપ્રધાનશ્રીએ આપેલા વિમેન લેડ ડેવલપમેન્ટના કોન્સેપ્ટને સાકાર કરવા રાજ્યમાં મહિલા સ્ટાર્ટઅપ્સ માટે હર સ્ટાર્ટ પ્લેટફોર્મ શરૂ કર્યું છે.**

# આણંદ જિલ્લાના સામરખા અને આંકલાવ ખાતે ભાજપા ઉમેદવારોના સમર્થનમાં જાહેરસભાને સંબોધિત કરતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

## આણંદ જિલ્લામાં ૧૦ ટકા જેટલી બેઠકો પર ભાજપનો બિનહરીફ વિજય એ વિપક્ષ પાસે ઉમેદવારોની અછત અને ભાજપા પ્રત્યે લોકોના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે -શ્રી હર્ષભાઈ સંઘવી





લોકસેવક અને ઉમરેઠના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પતાશ્રી હર્ષભાઈ સંઘવી

કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ આણંદ જિલ્લાના સામરખા અને આંકલાવ ખાતે ભાજપા ઉમેદવારોના સમર્થનમાં જાહેરસભાને સંબોધન કર્યું હતું. શ્રી હર્ષભાઈ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે, આણંદ જિલ્લામાં ૧૦ ટકા જેટલી બેઠકો પર ભાજપનો બિનહરીફ વિજય એ વિપક્ષ પાસે ઉમેદવારોની અછત અને ભાજપા પ્રત્યે લોકોના અતૂટ વિશ્વાસનું પ્રતીક છે. કોંગ્રેસની આંતરિક સ્થિતિ પર કટાક્ષ કરતા તેમણે ઉમેર્યું કે, જેમના પક્ષના પ્રદેશ સ્તરના નેતાઓના પોતાના ગઢમાં કોંગ્રેસના મેન્ડેટ પર ચૂંટણી લડવા ઉમેદવાર તૈયાર નથી, તે જ બતાવે છે કે ગુજરાતમાં કોંગ્રેસનો સફાયો થઈ ચૂક્યો છે. આ તકે તેમણે મતવિસ્તારના દિવંગત લોકનેતા અને ઉમરેઠના પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યું હતું કે, જેમણે આ વિસ્તારની જનતા માટે જીવનના અનેક વર્ષો લોકસેવામાં માટે આપ્યા છે, તેવા નેતાની આજે ખોટ છે. તેમના અધૂરા સપનાઓને પૂર્ણ કરવા અને જનતાની સમસ્યાઓને વાચા આપવા માટે પાર્ટીએ હર્ષદભાઈ પરમારને જવાબદારી સોંપી છે, જેમને પ્રચંડ મતોથી વિજયી બનાવવા તેમણે આહ્વાન કર્યું હતું. શ્રી સંઘવીએ ભાજપા સરકાર દ્વારા વીજળી, પાણી, રસ્તા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતના ક્ષેત્રોમાં છેલ્લા વર્ષોમાં થયેલ કામગીરી અને જાણકારી આપી હતી. ગુજરાતની અસ્મિતા અને સંસ્કૃતિ પર સવાલ ઉઠાવનારાઓને જડબાતોડ જવાબ આપતા શ્રી સંઘવીએ કહ્યું કે, અમુક તત્વો પાસે ગુજરાતને બદનામ કરવા સિવાય કોઈ કામ નથી. ગુજરાતની જાગૃત જનતા ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા લોકોનો ચૂંટણીમાં સફાયો કરશે. ખેડૂતોના હિત અને યુવાનોના ભવિષ્ય માટે ભાજપ સરકાર કટિબદ્ધ છે. આ કાર્યક્રમમાં પ્રદેશ ભાજપાના મંત્રીશ્રી નિરવભાઈ અમીન, રાજ્ય સરકારના પુર્વ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, સાંસદશ્રી મીતેષભાઈ પટેલ, પ્રભારીશ્રી વર્ષાબેન દોષી, ધારાસભ્યશ્રી યોગેશભાઈ પટેલ ચૂંટણી ઈન્ચાજશ્રી હસમુખભાઈ પટેલ, વિધાનસભા પેટા ચુંટણીના ઉમેદવારશ્રી હર્ષદસિંહ પરમાર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના ભાજપા ઉમેદવારો સહિત જિલ્લાના ભાજપાના આગેવાનો, અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

- **કોંગ્રેસના પ્રદેશ સ્તરના નેતાઓના પોતાના ગઢમાં કોંગ્રેસના મેન્ડેટ પર ચૂંટણી લડવા ઉમેદવાર તૈયાર નથી, તે જ બતાવે છે કે ગુજરાતમાં કોંગ્રેસનો સફાયો થઈ ચૂક્યો છે**
- **ગુજરાતની જાગૃત જનતા ગુજરાત વિરોધી માનસિકતા ધરાવતા લોકોનો ચૂંટણીમાં સફાયો કરશે**
- **ખેડૂતોના હિત અને યુવાનોના ભવિષ્ય માટે ભાજપ સરકાર કટિબદ્ધ છે**

# ભારતના રાષ્ટ્રપતિએ રિપબ્લિક ઓફ કોરિયાના રાષ્ટ્રપતિની યજમાની કરી

**આપણે ભારતના કૌશલ્ય, ગતિ અને વ્યાપક સંભાવનાઓને કોરિયાની હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ કુશળતા સાથે જોડીને આપણા યુવાનો માટે અસંખ્ય તકો સર્જિત કરી શકીએ છીએ: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ**



કમલમ્,

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ (૨૦ એપ્રિલ ૨૦૨૬) રાષ્ટ્રપતિ ભવનમાં કોરિયા પ્રજાસત્તાકના રાષ્ટ્રપતિ, મહામહિમ લી જે-મ્યુંગનું સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તેમના સન્માનમાં ભોજન સમારંભનું પણ આયોજન કર્યું હતું. ભારતની પોતાની પ્રથમ મુલાકાતે આવેલા રાષ્ટ્રપતિ મ્યુંગનું સ્વાગત કરતા, રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ભારત-કોરિયા દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા, ખાસ કરીને 'કોરિયા-ભારત સંસદીય મૈત્રી જૂથ'ના અધ્યક્ષ તરીકેના તેમના મહત્વપૂર્ણ યોગદાનની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે તેમના કાર્યકાળના પ્રથમ વર્ષની અંદર જ આ મુલાકાત, આપણા સંબંધોને આપવામાં આવતા તેમના મહત્વને દર્શાવે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને કોરિયા બંને જીવંત લોકશાહી છે જે સમાન મૂલ્યો ધરાવે છે. તેમને એ જાણીને આનંદ થયો કે ભારતની સંસદમાં તાજેતરમાં 'ભારત-કોરિયા સંસદીય મૈત્રી જૂથ'ની રચના કરવામાં આવી છે. તેમણે કહ્યું કે આનાથી ભારતીય સંસદ અને કોરિયન નેશનલ એસેમ્બલી વચ્ચે સંવાદ અને આદાનપ્રદાનને પ્રોત્સાહન મળશે. આનાથી પરસ્પર સમજ અને વિશ્વાસ વધુ મજબૂત થશે. રાષ્ટ્રપતિને એ જાણીને આનંદ થયો કે બંને પક્ષોએ જહાજ નિર્માણ, બંદર વિકાસ, ડિજિટલ સહયોગ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, સ્ટીલ, શિક્ષણ, સંશોધન, સંસ્કૃતિ અને લોકો વચ્ચેના સંપર્ક સહિત અનેક ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગ માટે મહત્વાકાંક્ષી કાર્યક્રમો નક્કી કર્યા છે. તેમણે એ પણ જણાવ્યું કે બંને પક્ષોએ 'વ્યાપક આર્થિક ભાગીદારી સમજૂતી' (CEPA) પર વાટાઘાટો ફરી શરૂ કરવા માટે સંયુક્ત ઘોષણા સ્વીકારી છે. તેમણે કહ્યું કે ભારત પરસ્પર ફાયદાકારક વ્યાપાર સંબંધોને આગળ વધારવા અને AI, સેમિકન્ડક્ટર, ઈલેક્ટ્રોનિક્સ, સ્વચ્છ ઊર્જા, સેવાઓ અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં કોરિયા સાથે સહયોગ મજબૂત કરવા માટે તત્પર છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત પાસે કૌશલ્ય, ગતિ અને વ્યાપક સંભાવનાઓ છે, જ્યારે કોરિયા પાસે હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગમાં નિપુણતા છે. આપણી શક્તિઓને જોડીને, આપણે આપણા યુવાનો માટે અસંખ્ય તકો સર્જિત કરી શકીએ છીએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે ભારત અને કોરિયાએ માનવતા માટે ટકાઉ ભવિષ્ય સુનિશ્ચિત કરવા માટે હરિત અને સ્વચ્છ ઊર્જાની સાથે જ અન્ય આબોહવા ટેકનોલોજીના ક્ષેત્રમાં સહયોગની તકો શોધવી જોઈએ. બંને નેતાઓ એ વાત પર સહમત થયા હતા કે ભારત અને કોરિયા વચ્ચેના ગાઢ સહયોગથી આપણા લોકોને અપાર લાભ મળી શકે છે અને બંને એકબીજા પાસેથી ઘણું શીખી શકે છે. પર્યાવરણ, નવાચાર, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સાથે મળીને કામ કરવાથી આપણા લોકો લાભાન્વિત થઈ શકે છે.

# લોકશાહીના પર્વમાં નાગરિકોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સઘન ઝુંબેશ

## લોકશાહીનો આગવો અવસર પોતાના ભવિષ્યને વધુ બહેતર કરવા મતાધિકાર સ્વરૂપે તક પૂરી પાડે છે



કમલમ્, ભરુચ

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત ભરુચ જિલ્લામાં વધુમાં વધુ મતદાન થાય અને મતદારોમા જાગૃતિ આવે તે હેતુથી જિલ્લા ચૂંટણીતંત્રના માર્ગદર્શન હેઠળ સ્વેપ -Systematic VOers Education and Electoral Participation (વ્યવસ્થિત મતદાર શિક્ષણ અને ચૂંટણી સહભાગિતા) પ્રવૃત્તિઓ વેગવંત બનાવવામાં આવી છે. જેના ભાગરૂપે ભરુચ નગરપાલિકાના વિવિધ મુખ્ય માર્ગો અને જાહેર સ્થળો પર આકર્ષક હોર્ડિંગ્સ લગાવી મતદાન જાગૃતિનો સંદેશ વહેતો કરવામાં આવ્યો છે. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા હાથ ધરવામાંઆવેલી આ કામગીરી અંતર્ગત નગરપાલિકા વિસ્તારના મુખ્ય ચાર રસ્તાઓ, સરકારી કચેરીઓ અને વધુ અવર-જવર ધરાવતા વિસ્તારોમાં હોર્ડિંગ્સ પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ હોર્ડિંગ્સમાં 'દરેક મત કિંમતી છે'', ''લોકશાહીના પર્વમાં મતદાન અવશ્યકરીએ'' અને ''૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ અચૂક મતદાન કરીએ'' જેવા પ્રેરણાદાયી સૂત્રો દ્વારા નાગરિકોને લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે. વિશેષમાં, શહેરી વિસ્તારના મતદારોમાં મતદાનની ટકાવારી વધે તે માટે 'સ્વીપ' ટીમ દ્વારા નવીનતમ અભિગમ અપનાવવામાં આવ્યો છે. હોર્ડિંગ્સના માધ્યમથી મતદાનના દિવસ, સમય અને મતદાનના મહત્વ અંગેની જાણકારી સીધી રીતે નાગરિકો સુધી પહોંચાડવામાંઆવી રહી છે. ભરુચ જિલ્લાના તમામ લાયકમતદારો કોઈપણ લાલચ કે ડર વગર પવિત્ર ફરજ સમજીને મતદાન કરે તેવો ઉમદા આશય આ કામગીરી પાછળ રહેલો છે. નોંધનીય છે કે, ભરુચ પંથકમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સોશિયલ મીડિયા, શેરી નાટક, ફ્લેશ મોબ અને હવે હોર્ડિંગ્સ જેવી વિવિધ પ્રવૃત્તિઓ થકી ચૂંટણીલક્ષી વાતાવરણ ઉભું કરવામાં આવ્યું છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી તા. ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાનમાં લોકો ઉત્સાહભેર ભાગ લે તેવો છે. રાજ્ય ચૂંટણી આયોગના માર્ગદર્શનમાં જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નિષ્પક્ષ, ન્યાયી અને પારદર્શક રીતે યોજવા જિલ્લા ચૂંટણી તંત્ર તાલીમ સહિતની જરૂરી તૈયારીઓ સાથે સજ્જ થયું છે.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે કડાણા તાલુકામાં સમાવિષ્ટ માલવણ જિલ્લા પંચાયતના અને વડાઝાંપા તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે મહીસાગર જિલ્લા મહામંત્રીશ્રી કમલેશભાઈ પાદરીયા, કડાણા મંડળ મહામંત્રીશ્રી પ્રવીણભાઈ બારીયા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, પૂર્વ કડાણા મંડળ પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, અંબાલાલ પટેલ, રીંકેશભાઈ, સરપંચશ્રીઓ, માલવણ જિલ્લા પંચાયતના ઉમેદવારશ્રી વિરેન્દ્રકુમાર પરસોત્તમદાસ પટેલ અને વડાઝાંપા તાલુકા પંચાયતના ઉમેદવારશ્રી દરીયાબેન ખેમાભાઈ ખાંટ અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના કુંવારા જિલ્લા પંચાયત અને ચાર તાલુકા પંચાયતની સભા કલ્યાણા ખાતે યોજાઈ જેમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા આહવાન કર્યું. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામ્યજનો એ ભાજપના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામ્યજનો એ ભાજપના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે શ્રી નંદાજી ઠાકોર, શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, પ્રહલાદજી ઠાકોર, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી ભરતજી, શ્રી છાનાજી, શ્રી સુમતિભાઈ પટેલ, શ્રી વીરસંગભાઈ ચૌધરી, ભુપેન્દ્રભાઈ રાજપૂત, શ્રી ગુલાબસિંહ રાજપૂત, વિક્રમસિંહ ઠાકોર, શ્રી ડાયાભાઈ દેસાઈ, જિલ્લા પંચાયતના ઉમેદવાર તેમજ તાલુકા પંચાયતના ઉમેદવારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના વાઘણા જિલ્લા પંચાયત અને ચાર તાલુકા પંચાયતની સભા મેત્રાણા ખાતે યોજાઈ જેમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી ઉમેદવારોને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા આહવાન કર્યું. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામ્યજનો એ ભાજપના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ભાજપના શાસનમાં ગામડાંઓમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રામ્યજનો એ ભાજપના મજબૂત વિજયનો વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે શ્રી મુકેશભાઈ ચૌધરી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી પ્રહલાદજી પટેલ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી વિક્રમસિંહ ઠાકોર, શ્રી શૈલેષભાઈ પટેલ, શ્રી વીરસંગભાઈ ચૌધરી, શ્રી ભરતજી ઠાકોર, શ્રી ઈશ્વરભાઈ ઠાકોર, શ્રી અભુજી ઠાકોર, શ્રી સુરેશજી અને મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.





કમલમ્,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત વામૈયા જિલ્લા પંચાયત સીટ તથા કિંબુવા તાલુકા પંચાયત સીટના ઉમેદવારના પ્રચારાર્થે સભા યોજાઈ, જેમાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે ચૂંટણીલક્ષી સંવાદ સાધ્યો. મોદી સાહેબના નેતૃત્વમાં અવિરતપણે વિકાસકાર્યોનો લાભ દેશના જન-જન સુધી પહોંચ્યા છે, ત્યારે મતદાતાઓ ભાજપાને જંગી બહુમતી સાથે વિજયી બનાવવા ઉત્સાહિત છે. આ પ્રસંગે શ્રી ગીરીશભાઈ મોદી, શ્રી લાલજીભાઈ દેસાઈ, શ્રી અશોકભાઈ પરમાર, ભાનુમતિબેન મકવાણા, રેવાભાઇ દેસાઈ, શ્રી બળદેવભાઈ દેસાઈ, શ્રી રમેશભાઈ દેસાઈ, શ્રી કિશનભાઇ દેસાઈ, શ્રી ભાવેશભાઈ જોશી, અશોકભાઈ જોશી, શ્રી શિવરામભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી ભરતભાઈ પટેલ, ધારસંઘજી ઠાકોર (સરપંચ), શ્રી ભલાભાઇ પરમાર, શ્રી રમેશભાઇ દેસાઈ (સરપંચશ્રી) તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

સિદ્ધેશ્વરી સોસાયટી ખાતે સિદ્ધપુર શહેરના વોર્ડ નંબર ૩, ૪ અને ૫ની આયોજિત સભામાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો અને આવનારી ચૂંટણીમાં સફળતા માટે માર્ગદર્શન આપ્યું. વોર્ડ નંબર ૬ના મધ્યસ્થ કાર્યાલયની મુલાકાત લઈને આયોજન અને ચૂંટણીલક્ષી તૈયારીઓની સમીક્ષા કરી. આ પ્રસંગે શ્રી કૌશલભાઈ જોશી, શ્રી મિહિરભાઈ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી નિરંજનભાઈ ઠાકર, શ્રી રશ્મિનભાઈ દવે, પ્રજ્ઞાબેન ઠાકર, સુષ્માબેન રાવલ, શ્રી વિનુભાઈ પટેલ, શ્રી ધીમંતભાઈ તેમજ તમામ સમાજના આગેવાનો, યુવા મોરચાના પ્રમુખ અને ઉમેદવારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણી અંતર્ગત સિદ્ધપુર શહેરના વોર્ડ નંબર ૨, રાજપુર ખાતે આયોજિત સભામાં ધારાસભ્ય શ્રી બલવંતસિંહ રાજપૂત ઉપસ્થિત રહી કાર્યકર્તાઓ સાથે સંવાદ કર્યો તેમજ ઉમેદવારશ્રીઓને પ્રચંડ બહુમતીથી વિજયી બનાવવા આહવાન કર્યું. ભાજપના શાસનમાં શહેરોમાં થઈ રહેલા અવિરત વિકાસને ધ્યાનમાં રાખીને નાગરિકોએ ભાજપના મજબૂત વિજય અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો. આ પ્રસંગે શ્રી કૌશલભાઈ જોશી, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી મિહિરભાઈ, શ્રી મેરૂભા, શ્રી હસમુખભાઈ પટેલ, શ્રી આર.સી. પટેલ, શ્રી રમેશભાઈ, શ્રી અશોકભાઈ પટેલ, શ્રી નકુભાઈ પટેલ, શ્રી હેતાર્ત શુક્લા, શ્રી કપુરજી ઠાકોર તેમજ વોર્ડ નંબર ૨ના ઉમેદવારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કમલમ્,

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારાર્થે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં આણંદ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે પ્રબુદ્ધ નાગરિકો સાથે સંવાદ કર્યો હતો અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર તથા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ થઈ રહેલી સર્વસમાવેશી અને સર્વસ્પર્શી કામગીરી તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન સાથે અર્થવ્યવસ્થાને વેગવંતી બનાવવા માટે ભાજપાસરકારે લીધેલા પગલાંઓ સહિતના વિષયો અંગે સંવાદ કરી આગામી ચૂંટણીમાં ભાજપાને પ્રચંડ સમર્થન આપી વિજયી બનાવવા અપીલ કરી હતી.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે કડાણા તાલુકામાં સમાવિષ્ટ માલવણ જિલ્લા પંચાયતના અને લાડપુર તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે સાદવડા ખાતે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે મહીસાગર જિલ્લા મહામંત્રીશ્રી કમલેશભાઈ પાદરીયા, કડાણા મંડળ મહામંત્રીશ્રી પ્રવીણભાઈ બારીયા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, પૂર્વ કડાણા મંડળ પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, અંબાલાલ પટેલ, રીંકેશભાઈ, સરપંચશ્રીઓ, માલવણ જિલ્લા પંચાયતના ઉમેદવારશ્રી વિરેન્દ્રકુમાર પરસોત્તમદાસ પટેલ અને લાડપુર તાલુકા પંચાયતના ઉમેદવારશ્રી મોઘીબેન ખુમાભાઈ ધામોત અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે કડાણા તાલુકામાં સમાવિષ્ટ માલવણ જિલ્લા પંચાયતના અને શિયાલ તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે મહીસાગર જિલ્લા મહામંત્રીશ્રી કમલેશભાઈ પાદરીયા, કડાણા મંડળ મહામંત્રીશ્રી પ્રવીણભાઈ બારીયા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, પૂર્વ કડાણા મંડળ પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, અંબાલાલ પટેલ, રીંકેશભાઈ, સરપંચશ્રીઓ, માલવણ જિલ્લા પંચાયતના ઉમેદવારશ્રી વિરેન્દ્રકુમાર પરસોતમદાસ પટેલ અને શિયાલ તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી અજીતસિંહ ભીમસિંહ પાદરીયા અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે કડાણા તાલુકામાં સમાવિષ્ટ માલવણ જિલ્લા પંચાયતના અને માલવણ તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે મહીસાગર જિલ્લા મહામંત્રીશ્રી કમલેશભાઈ પાદરીયા, જિલ્લા ઉપાધ્યક્ષશ્રી કેતનભાઈ દાણી, કડાણા મંડળ મહામંત્રીશ્રી પ્રવીણભાઈ બારીયા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, પૂર્વ કડાણા મંડળ પ્રમુખશ્રી જયંતિભાઈ પટેલ, અંબાલાલ પટેલ, રીંકેશભાઈ, સરપંચશ્રીઓ, માલવણ જિલ્લા પંચાયતના ઉમેદવારશ્રી વિરેન્દ્રકુમાર પરસોતમદાસ પટેલ અને માલવણ તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી કાળીદાસ સોમાભાઈ વણકર અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ ગોઠીબ જિલ્લા પંચાયતના અને ગોઠીબ તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ધર્મી ગામ ખાતે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે શાંતીલાલ પટેલ, અરવિંદભાઈ પટેલ, સરપંચશ્રીઓ, ગોઠીબ જિલ્લા પંચાયતના ઉમેદવાર શ્રી કેતનકુમાર સરદારસિંગ બારીયા અને ગોઠીબ તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રીમતી દિવાંગીબેન ઉમેશકુમાર પટેલ અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.



કમલમ્,

સ્થાનિક સ્વરાજની ચૂંટણીને અન્વયે સંતરામપુર તાલુકામાં સમાવિષ્ટ ગોઠીબ જિલ્લા પંચાયતના અને બાબરોલ તાલુકા પંચાયતના ઉમેદવારોને ભવ્ય વિજય પ્રાપ્ત થાય તે માટે ચૂંટણીલક્ષી માર્ગદર્શન ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડીંડોરે પૂરું પાડ્યું. સંગઠનની શક્તિ અને કાર્યકર્તાઓના અવિરત પરિશ્રમથી નિશ્ચિત જ વિજય પ્રાપ્ત થશે તેવી પૂરી આશા વ્યક્ત કરી. આ તકે સંતરામપુર તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખશ્રી હરેશભાઈ વળવાઈ, શાંતીલાલ પટેલ, અરવિંદભાઈ પટેલ, સરપંચશ્રીઓ, ગોઠીબ જિલ્લા પંચાયતના ઉમેદવાર શ્રી કેતનકુમાર સરદારસિંગ બારીયા અને બાબરોલ તાલુકા પંચાયતના ઉમેદવાર શ્રી દિલીપભાઈ સોમાભાઈ તડવી અને મોટી સંખ્યામાં ગામજનો કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

